અરવલ્લી : પોલીસની પરીક્ષાની તૈયારી કરતી

યુવતીનું રનીંગની પ્રેક્ટિસ કરતા પડી જતા મોત નીપજ્યું

અરવલ્લીના માલપુર તાલુકાના ભુકાકુતરી ગામની અને મેઘરજના બાંઠીવાડા (લાલા કુંપા) માં મામાના ઘરે રહી લોકરક્ષક દળની પરીક્ષાની તૈયારી કરતી ૨૨ વર્ષીય યુવતી રનિંગની પ્રેક્ટિસ દરમિયાન પડી જતા ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા સમગ્ર પંથકમાં ભારે શોકાગ્નિ છવાઈ હતી લોકરક્ષક દળની પરીક્ષા પાસ કરે તે પહેલા યુવતી જિંગદીની રેસમાં હારી જતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા

પ્રાપ્ત માહિતી અનુસાર, માલપુર તાલુકાના ભુકાકુતરી ગામની ગીતાબેન કોદર ભાઈ પગી નામની યુવતી છેલ્લા કેટલાક સમયથી મેઘરજ તાલુકાના બાંઠીવાડા ના પેટાપરા લાલાકુપામાં તેના મામાના ઘરે રહી લોકરક્ષક દળની પરીક્ષાની તૈયારી કરી રહી હતી લોકરક્ષક દળની પરીક્ષામાં દોડની કસોટી સમયમર્યાદામાં પુરી થાય તે માટે દરરોજ રાબેતા મુજબ સવાર-સાંજ રનિંગની પ્રેક્ટિસ કરતી હતી રનિંગની પ્રેક્ટિસ દર્મિયાન યુવતી નીચે પડી જતા માથાના ભાગે સહીત શરીરે ઈજાઓ પહોંચતા ઈજાગ્રસ્ત યુવતીને તાબડતોડ સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી તબીબોની સઘન સારવાર કારાગત ન નીવડતા યુવતિનું અકાળે મોત થતા મેઘરજ-માલપુર પંથકમાં ભારે શોકની લાગણી છવાઈ હતી.

હાલમાં લોકરક્ષક દળની પરીક્ષાની તૈયારી કરતા પરિવારજનો અને સાથે પ્રેક્ટિસ કરતી યુવતીઓએ જણાવ્યું હતું કે ગીતા ખુબ જ મહેનતુ હતી દોડવામાં બહુ જ ધ્યાન આપતી હતી. એટલુ જ નહી દરરોજ દિવસ રાત વાંચ્યા કરતી હતી. હાલમાં તેની તૈયારી જોતા સહુ કોઈને તે આ વખતે પોલીસની પરીક્ષામાં નિશ્ચીત રીતે પાસ થઈ જશે તેમ જણાતું હતું.

પાલનપુર બારડપુરા વિસ્તારમાં ગટર ઉભરાતા સ્થાનિકોમાં આક્રોશ

પાલિકાને અવારનવાર જાણ કરવા છતાં કોઈ ફરકતું નહીના આક્ષેપો

પાલનપુર તા.

પાલનપુર નગરપાલિકાના વોર્ડ ન.૩ માં છેલ્લા ઘણા સમયથી ગટર ઊભરાવવા ના લઈને અવાર નવાર સ્થાનિકોએ પાલિકાને રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાની રાવ ઉઠી છે. પાલનપુર નગરપાલિકા શહેરના લોકોના વેરો વસુલવામાં કોઈ કસર બાકી રાખતી નથી. જ્યાં શહેરની પ્રાથમિક જરૂરિયાત કેવી કે ગટર, સાફ સફાઈ, અને રોડ રસ્તાને લઈ સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. જ્યાં વોર્ડ નં.૩ના બારડપુરા વિસ્તારમાં અવારનવાર જાહેર માર્ગોમાં ગટર ઊભરાવવાના લીધે ચાલવું મુશ્કેલ બન્યું છે. ત્યારે સ્થનિકોએ પાલિકાને જાણ કરવા છતાં કોઈ ફરક્યું ન હતું. સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળ્યો હતો.

પ્રાંતિજના કતપુર ખાતે શ્રી રંગીલા હનુમાન દાદાના મંદિરનો દશમો પાટોત્સવ યોજાયો

શ્રી રંગીલા હનુમાન દાદાની શોભાયાત્રા ગામમા વાજતે ગાજતે કાઢવામા આવી : ગ્રામજનો દ્વારા પાટોત્સવ ની ધામધૂમ થી ઉજવણી કરવામા આવી

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના કતપુર ખાતે આવેલ શ્રી રંગીલા હનુમાન દાદાના મંદિર નો દશ મા પાટોત્સવ ની ગ્રામજનો દ્વારા ધામધૂમથી ઉજવણી કરવામા આવી

પ્રાંતિજ તાલુકાના કતપુર ખાતે આવેલ કતપુર પ્રાંતિજ શાળામા આવેલ શ્રી રંગીલા હનુમાન દાદાના મંદિર ના દશમા પાટોત્સવ ની સમસ્ત ગ્રામજનો દ્વારા ભવ્ય ભવ્ય ઉજવણી કરવામા આવી હતી જેમા સવાર થીજ મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમો નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા શ્રી રંગીલા હનુમાન દાદા ના મંદિર ના ચોક મા મારૂતિ યજ્ઞ યોજાયુ હતુ જેમા પટેલ નિલેશ કુમાર ભક્તિભાઇ પરિવાર દ્વારા યજ્ઞ મા લાભ લીધો હતો તો બપોર ના સમયે શ્રી રંગીલા હનુમાન દાદા ની વાજતે ગાજતે ગામમા ભવ્ય શોભાયાત્રા કાઢવામા આવી હતી તો સમસ્ત કતપુર ગ્રામજનો દ્વારા દશમા પાટોત્સવ ની ધામધૂમ ઉજવણી કરવામા આવી હતી.

જન્મદિને વધામણી

ડો. પરેશ પટેલ
વિજયનગર

જીજ્ઞાબેન કે. પટેલ
બાયડ

પંકજ પટેલ
ધનસુરા

શૈલેષ ભટ્ટ
મોડાસા

ડીસાના માણેકપુરા શ્રી નીલકંઠેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

ડીસા તાલુકાના માણેકપુરા ગામે શ્રી નીલકંઠેશ્વર મહાદેવ નો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નો શનિવાર પ્રારંભ થયો હતો જેમાં પ્રથમ દિને યજ્ઞ પ્રારંભ તેમજ આજે શોભાયાત્રા નીકાળવામાં આવી હતી ડીસા પાટણ હાઈવે પર આવેલ માણેકપુરા ગામ માં સમસ્ત ગ્રામજનો દ્વારા શ્રી નીલકંઠેશ્વર મહાદેવના મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે જે મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો શનિવારે પ્રારંભ થયો છે બે દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે એટલે શનિવાર દીપ પ્રાગટ્ય સ્થાપન અને યજ્ઞ યોજાયો હતો રવિવારે ગામમાં વિશાળ શોભાયાત્રા નીકાળવામાં આવી હતી.

પાલનપુરના કોલેજ કમ્પાઉન્ડ વિસ્તારમાં હડકાયા કુતરાનો આતંક

પાલનપુર તા.

શહેરના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોથી શેરી કૂતરાંઓનો આતંક વધી જવા પામ્યો છે. તેમાં શહેરના નગરપાલિકા પાછળ આવેલા કોલેજ કમ્પાઉન્ડ બેંક સોસાયટી કલ્પના સોસાયટી કલ્યાણ સોસાયટી અને ગીતા સોસાયટીમાં આવેલા આ વિસ્તારના અલગ-અલગ ૧૨ નાના બાળકોને મહિલાઓને અને વડીલોને હડકાયા કુતરા કરડયા છે.

નગરપાલિકામાં જાણ કરી છે તો નગરપાલિકામાં કુતરા પકડવાની કોઈ ટીમ છે જ નહી... હજુ કુતરા પકડવા માટે ટેન્ડર આપવાનું પણ બાકી છે તેમ જણાવવામાં આવે છે નગરપાલિકામાં નાગરિકો ટેક્સ ભરીએ છીએ તો નગરપાલિકાના ચીફ ઓફિસર સાહેબ શ્રી પ્રમુખશ્રીની ફરજમાં આવે છે કે

તેઓ અમારા વિસ્તારના બાળકોને હડકાયા કૂતરાના આતંક માંથી મુક્તિ અપાવે અને તાત્કાલિક કુતરા પકડવાની કાર્યવાહી કરે તે જરૂરી છે.

પાલનપુર શહેરની સિવિલમાં દર મહિને ૪૦૦ જેટલા ઈન્જેક્શન કૂતરા કરડવાના કારણે બાળકોને આપવામાં આવે છે અને પ્રાઈવેટ હોસ્પિટલના અંદર લગભગ બસ ૨૦૦ જેટલા ઈન્જેક્શન કૂતરા કરડવાના કારણે બાળકોને વડીલોને બહેનોને આપવામાં આવે છે .

તો આ ગંભીર સમસ્યા બાબતે કલેકટર ના વહીવટી તંત્ર તાત્કાલિક નગરપાલિકા ને આ બાબતે કંઈક યોગ્ય નિરાકરણ લવાય તેમ જયેશ સોની જન સેવા એજ પ્રભુ સેવા ગ્રુપ પાલનપુર તથા કોલેજ કમ્પાઉન્ડ કલ્પના સોસાયટી ગીતા સોસાયટી બેંક સોસાયટી કલ્યાણ સોસાયટી વિસ્તારના સર્વે પ્રજાજનોની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

રાજ્ય કક્ષા અને જિલ્લા કક્ષાએ ચિત્ર સ્પર્ધા યોજાશે

મહેસાણા

યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારશ્રીએ વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન "મોબાઈલ ટુ સ્પોર્ટસ"ની નવી યોજના મંજૂર કરેલ છે. આ યોજનાને "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" ફેસબુક પેજ, યુ ટ્યુબ ચેનલ, રેડિયો ક્વીઝ, ચિત્ર સ્પર્ધા, ટેલિવિઝન તેમજ સોશિયલ મીડિયા સંબંધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડિયો/ વીડિયો કલીપ રજૂ કરી યુવાનોને રમતગમતની પ્રવૃત્તિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે.

આ હેતુને સુધાર રૂપે પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા સંયુક્ત રીતે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ છે.

આ ચિત્ર સ્પર્ધા રાજ્ય કક્ષાએ તારીખ ૦૩ જાન્યુઆરી ૨૦૨૨ અને જિલ્લા કક્ષાએ ૨૪ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ યોજાનાર છે. જેમાં ૮ થી ૧૩ (જન્મ તા.૩૧/૧૨/૨૦૨૧ને ગણવાની રહેશે.) વર્ષના બાળકો ભાગ લઈ શકશે.

સ્પર્ધકે છ૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર "મકર સક્રાંતિ" વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તા.૨૪/૧૨/૨૦૨૧ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, બ્લોક નં. ૧, ત્રીજો માળ ભવન બહુમાળી ભવન, રાજ મહેલ રોડ, મહેસાણાને મોકલવાની રહેશે.

રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેવો પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦/- તથા તૃતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦/- એમ ત્રસ ઈનામે અને બાકીના અન્ય ૭ (સાત) વિજેતાને (પ્રત્યેકને) રૂ.૫૦૦૦/- મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

ઊંઝાના ધારાસભ્યનો નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન થયો

મહેસાણા,તા.૧૩

ઊંઝાના ધારાસભ્ય આશાબેન પટેલનું રવિવારે ડેન્ગ્યૂના કારણે અવસાન થતા આજે સિદ્ધપુરમાં અંતિમવિધિ કરવામા આવી છે. તેમની અંતિમવિધિ તેમના ભાઈના હાથે પૂર્ણ કરવામાં આવી છે. આજે સવારે ૮ વાગ્યે ઊંઝા છઁસ્ઝ ખાતેથી તેઓની અંતિમયાત્રા કઢાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ યાત્રા બરોડા બેંક, વિજય સોસાયટી, સજ્જન બેંક, ગોકુલધામ, ઉમિયા માતાજી ચોક, ઉમા સોસાયટી રોડ, વિશ્વકર્મા રોડ, ગાંધીચોક, ઊંઝા નગરપાલિકાથી અંડર બ્રિજ થઈ તેઓના ગામ વિસોળ ખાતે લઈ જવાશે.ત્યાંથી અંતિમવિધિ માટે સિદ્ધપુર લઈ જવામાં આવી હતી. જે બાદ અંતિમવિધિ માટે સિદ્ધપુરના સરસ્વતી મુક્તિધામમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમના સ્નેહીજની હાજરીમાં તેમના ભાઈએ વિધિ કરી હતી. આંખોમાં આંશુ સાથે આશાબેનના નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલિન થયો હતો. સોમવારે, એટલે આજે વહેલી સવારે આશાબેનના પાર્થિવદેહને વતન વિસોલ ગામ લઈ જવામાં આવ્યો છે. ત્યાર બાદ સિદ્ધપુર મુક્તિધામ ખાતે અંતિમવિધિ કરવામાં આવશે. આશાબેનના નિધન બાદ મહેસાણામાં શોકનો માહોલ છવાયો છે. ઊંઝા શહેરની બજારો, માર્કેટ યાર્ડ આજે બંધ રહેશે. વેપારીઓએ સ્વયંભૂ બંધ રાખીને આશાબેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. આશાબહેન પટેલના પાર્થિવ દેહને ગઈકાલે ઉંઝા એપીએમસીમાં અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આશાબહેન પટેલના પાર્થિવ દેહના અંતિમ દર્શન કરી ઉંડા શોક સાથે શ્રધ્ધાંજલિ પાઠવી હતી. સીએમ આશાબેનના પરિવારજનોને પણ મળ્યા હતા. ભાજપના ધારાસભ્ય, નેતાઓ અને સમર્થકોએ ઉંઝા એપીએમસીમાં પાર્થિવદેહના અંતિમ દર્શન કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ડેન્ગ્યુને કારણે લિવર ડેમેજ થતાં આશાબેન પટેલને અમદાવાદ સ્થિત ઝાયડસ હોસ્પિટલમાં વેન્ટિલેટર પર મૂકાયા હતાં. આખરે ટૂંકી માંદગી બાદ રવિવારે બપોરે આશાબહેન પટેલનુ અવસાન થયુ હતું.

ધાનેરામાં આવેલ સકસેસ સ્કૂલમાં (બાળ સંસદ ચૂંટણી પર્વ)ની ઉજવણી

ધાનેરા તા.૧૩

આજ રોજ ધાનેરા માં આવેલ સકસેસ સ્કૂલના એમ.ડી હાર્દિક ભાઈ અને આચાર્ય મુકેશ ભાઈના માર્ગદર્શનથી તમામ

શિક્ષકગણ દ્વારા સ્કૂલમાંબાળ સંસદ ચૂંટણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ જેમાં દરેક બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અંતે શાળા ના આચાર્ય મુકેશભાઈએ બાળકોને ચૂંટણી અને દેશ ની શાસન પ્રણાલી લોકશાહી નો ખ્યાલ બાળ માનસ માં પ્રસ્થાપિત થાય એ હેતુ એ તેમજ એક રાજનેતા ની કુશળ રાજનીતિ નો પરિચય બાળક માં વિકશે તે આશ્ચર્ય આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું આ બાળ સંસદ ચૂંટણી માં પ્રમુખ,ઉપપ્રમુખ,મંત્રી અને સભ્ય ની ચૂંટણી કરવામાં આવી હતી શાળા ચાર વિદ્યાર્થીઓ આ ચૂંટણી માં વિજેતા બન્યા હતા જેમાં પ્રમુખ તરીકે જયાબેન જે.પટેલ,ઉપપ્રમુખ બારોટ શુભ આઈ મંત્રી રબારી મિત્તલ એ અને સભ્ય તરીકે ચૌધરી જયેશ.એન આ કાર્યક્રમ એ અભ્યાસિક પ્રવૃત્તિ સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિ માં આ બાળકો પોતાનું કુશળ પ્રતિનિધિત્વ કરે એ જ આજ ની બાળ સંસદ ચૂંટણી થી બાળક માનસ માં જીવન માં કુશળ રાજનેતા ના ગુણ અને પ્રતિનિધિત્વ કરવાની તક માં સેવા નો ગુણ કેળવવાનો જ ઉમદા હેતુ હતો આ કાર્યક્રમમાં શાળા સુપરવાઈઝર સીમાબેન પરમારે અમારા ધાનેરા ખાતેના સંવાદદાતા ભરત બી. પરમાર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે ,સુચારુ આયોજન અને સર્વે શિક્ષકગણ ના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ ખૂબ જ ઉમળકાભેર પૂર્ણ કરેલ લોકશાહી એ ભારત ની શાસનપ્રણાલી નો પ્રાણ છે.

ધાનેરા અકબરી એજયુકેશન સેવા ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

આજ રોજ ધાનેરાના લાધાપુરા ઈદગાહ વિસ્તારમાં અકબરી એજયુકેશન સેવા ટ્રસ્ટ દ્વારા સમાજમાં શૈક્ષણિક જાગૃતિ આવે તે હેતુથી શૈક્ષણિક અને કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આવેલા મુખ્ય મહેમાનોએ પ્રવચન થકી જણાવ્યું કે સમાજ આર્થિક રીતે મજબૂત બને સમાજમાં એકતા પ્રસ્થાપિત થાય સમાજ શૈક્ષણિક બાબતોમાં આગળ વધે અને સમાજ પ્રગતિના પંથે સફળતા મેળવે વધુમાં આ કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ અને અક્કલકુવા ના પ્રોફેસર ડૉ.સલીમ સાહેબે જણાવ્યું કે જયારે સમાજમાં શિક્ષણ આવશે ત્યારે જ આપણે કઈક પ્રગતિ કરી શકીશું આ કાર્યક્રમના મુખ્ય મહેમાનો એ શૈક્ષણિક બાબતો પર વધુ ભાર મૂકી સમાજમાં હર હંમેશાં જાગૃતિનું કામ કરતા ડૉ.ઈમરાન સાહેબ દિલાવરભાઈ મેમણ.હનિફભાઈ મેમણ ડીસા.ટ્રસ્ટના જવાબદાર સભ્યો, મુસ્લિમ સમાજના ભાઈઓ-બહેનો,મુસ્લિમ સમાજના આગેવાનો પત્રકાર ભાઈઓ તેમજ આમંત્રિત મહેમાનોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો ધ નેશનલ સ્કૂલ ના શિક્ષક આરીફભાઈએ જણાવ્યું હતું કે આજના કાર્યક્રમમાં પધારેલા તમામ મહેમાનો તેમજ અકબરી એજયુકેશન સેવા ટ્રસ્ટ ના કાર્યકરો આયોજકોનો આભાર માન્યો હતો.

પાલનપુર જિલ્લા કચેરી ખાતે હોમગાર્ડ સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

પાલનપુર

પાલનપુર હોમગાર્ડ કચેરી ખાતે સોમવારે હોમગાર્ડ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી

હતી.જેમાં સારી કામગીરી કરનાર હોમગાર્ડ જવાનોનું સન્માન કરવામાં આવ્યુ હતુ.તેમજ હોમગાર્ડ જનાનો દ્વારા શહેરમાં આવેલ તમામ બાવલાઓની સફાઈ કરવામાં આવી હતી.

સ્થાપના દિવસ નિમીતે જિલ્લા કમાન્ડીંગ ઓફીસર રમેશભાઈ પંડ્યાના અધ્યક્ષ સ્થાને જુદા-જુદા કાર્યક્રમો કરવામાં આવે છે.જેમાં પાલનપુર જિલ્લા કચેરી દ્વારા પરેડ,સફાઈ અભિયાન,શહેરના બાવલાઓની સફાઈ કરી ફુલહાર કરવામાં આવ્યા હતા.તેમજ જિલ્લા કચેરી પાલનપુર ખાતે જિલ્લા કમાન્ડીંગ ઓફીસર રમેશભાઈ પંડ્યાના હસ્તે હોમગાર્ડનો ધ્વજ ફરકાવી હોમગાર્ડ પાલનપુર યુનિટમાં સારી કામગીરી કરનાર હોમગાર્ડ જવાનોને જિલ્લા કમાન્ડન્ટ રમેશભાઈ પડ્યાના હસ્તે સન્માનપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે કંપની કમાન્ડન્ટ કાયદા અધિકારી મનોજભાઈ ઉપાધ્યાયએ કમાન્ડન્ટ વતી જવાનો ને સંબોધન કર્યું હતું અને જણાવ્યું હતું કે હોમગાર્ડ ના જવાનોની કોરોના કાળ ની કામગીરી લોકો ના હૃદય માં છે.સરકારનાં ભાગ તરીકે હજુ ખુબ સારી કામગીરી કરવાના સંકલ્પ સાથે જિલ્લા કમાન્ડન્ટની ઉપસ્થિતિ ના કાર્યક્રમ નું આયોજન કરાયું છે આ પ્રસંગે કાયદા અધિકારી મનોજ ઉપાધ્યાય, જયંતીભાઈ પરમાર,કંપની કમાન્ડન્ટ પી.ડી.દરજી,ઓફિસર કમાન્ડર પ્રશાંતભાઈ ગોસ્વામી,પ્લાટુન કમાન્ડર મુસ્તાકભાઈ ચૌહાણ સહીત મોટી સંખ્યામાં હોમગાર્ડ જવાનો ઉપસ્થિત રહી સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ડીસા શહેર ભાજપ દ્વારા 'દિવ્ય કાશી ભવ્ય કાશી' કાર્યક્રમની ઉજવણી

"દિવ્ય કાશી ભવ્ય કાશી" કાર્યક્રમની ઉજવણી અંતર્ગત ડીસા રીઝમેટ મહાદેવ મંદિર મુકામે ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાની વિશેષ ઉપસ્થિતિમાં વડાપ્રધાનનો "દિવ્ય કાશી ભવ્ય કાશી " કાર્યક્રમનું લાઈવ પ્રશારણ નિહાળી તેની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં શહેરના સાધુ સંતોની વિશેષ ઉપસ્થિતિમાં શહેર ભાજપ પ્રમુખ પ્રતિકભાઈ પઢીયાર,મહામંત્રી હકમાજી જોશી અને મહામંત્રી રાકેશભાઈ પટેલ, શહેર સંગઠનના અને નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર સાથે

નગરપાલિકાના તમામ સદસ્યો અને વિવિધ મોરચાના હોદેદારો સાથે કાર્યકર્તાઓ, ડીસા શહેરનાં આગેવાનો,અને યુવા મોરચાના હોદેદારો સાથે કાર્યકર્તાઓ અને ગામના લોકોએ મોટી સંખ્યામાં હાજર રહી લાઈવ કાર્યક્રમ નિહાળવામાં આવ્યો.સાથે બહેનોએ આનંદ ગરબાનું પણ સુંદર આયોજન કર્યું હતું.